# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/ ૬૪૫૦        તા.૨૭/૧૨/૨૦૧૮

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તારીખઃ૧૫/૧૨/૨૦૧૮,શનિવારના રોજ મળેલ સિન્ડિકેટ સભાની કાર્યનોંધ મોકલેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઇ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૦૫/૦૧/૨૦૧૯ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

Majmudar

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## સિન્ડિકેટની સભા
## (શનિવાર, તારીખઃ૧૫/૧૨/૨૦૧૮)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૧૫/૧૨/૨૦૧૮,શનિવારના રોજ બપોરે ૦૩ઃ૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી ઃ-

ક્રમ સભ્યશ્રીઓના નામ

૧) ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી)
૨) ડૉ. કે.સી.પટેલ
૩) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ
૪) ડૉ. વિજયસિંહ એમ.વનાર
૫) ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ
૬) શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ
૭) શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ
૮) શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી
૯) શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ
૧૦) ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી
૧૧) ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી
૧૨) શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ
૧૩) ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી
૧૪) શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ
૧૫) શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ
૧૬) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ
૧૭) શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ
૧૮) શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ
૧૯) શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ
૨૦) શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૩) જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય)
૪) શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત (પત્રથી જાણ કરી)
૫) શ્રી રાહુલ આનંદ દલાલ
૬) શ્રી મનિષ એસ. પટેલ (પત્રથી જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાન થી સભાની શરૂઆત કરવામાં આવી.

સભામાં કાર્યવાહિની શરૂઆત કરતા અગાઉ, અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રીએ સભાગૃહને સહર્ષ નીચે પ્રમાણે માહિતી આપી હતી.

૧. સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજની બે વિદ્યાર્થીનીઓને, ચંદીગઢ ખાતે પંજાબ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય કક્ષાની જુડો સ્પર્ધામાં કુમારી ખ્યાતિ પટેલે ૭૦ કિલોગ્રામમાં બ્રોન્ઝ મેડલ અને કુમારી અલ્પા વાઢેરે ૪૪ કિલોગ્રામમાં સિલ્વર મેડલ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે.

૨. સમગ્ર ગુજરાત રાજયની SLET Examમાં કુલ ૨૬૦૦ પરીક્ષાર્થીઓમાંથી સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ૧૭૮ પરીક્ષાર્થીઓ ઉતીર્ણ થયા છે.

સહર્ષ નોંધ લઇ સભાએ સંબંધકર્તાને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ સભાની કાર્યવાહી શરૂ થઇ હતી.

(સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૧૭/૧૧/૨૦૧૮, શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.

(બિડાણઃ ૧ પૃ.૧ થી ૧૫)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૭/૧૧/૨૦૧૮, શનિવાર ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

**૨.** તારીખઃ૨૦/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨)

**આથી ઠરાવવામાં આવે છે કેતારીખઃ૨૦/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

**એકેડેમિક વિભાગ**

૩. આચાર્યશ્રી, નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૨૯/૧૧/૨૦૧૮ના પત્ર નં.NVP/10/F/03/425/18થી કરેલ વિનંતી અનુસાર તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

**નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગર**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Shreekant Prahlad Pathak<br>બી.એસસી. (મેથ્સ.)૨૦૦૬ ૭૫.૫૦%<br>એમ.એસસી. (મેથ્સ.)૨૦૦૮ ૭૪.૩૦%<br>**પીએચ.ડી.(મેથ્સ.) ૨૦૧૭**<br>**શૈક્ષણિક અનુભવ**<br>૨ વર્ષ ૯ માસ એડહોક લેકચરર<br>૩ વર્ષ ૨ માસ આસીસટન્ટ પ્રોફેસર | Assistant Professor in Mathematics | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઈ મુજબ નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગરમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૪. ટ્રસ્ટીશ્રી, શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાતના તારીખઃ૩૦/૮/૨૦૧૮ના પત્રથી તેઓના ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), ખંભાતમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત;

**શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), ખંભાત**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Tejsviniben Rameshchandra Patel<br>બી.એ. (સંસ્કૃત) ૨૦૦૧ ૭૦.૫૫%<br>એમ.એ. (સંસ્કૃત) ૨૦૦૩ ૫૬.૫૦%<br>બી.એડ્. ૨૦૦૫ ૭૯.૧૪%<br>એમ.એડ્. ૨૦૦૯ ૭૫.૦૮%<br>**પી.એચડી. (એજ્યુકેશન) ૨૦૧૬**<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૨ વર્ષ ૫ માસ લેકચરર | Assistant Professor in M.Ed. Course | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Pritiben Chaturbhai Patel<br>બી.એસસી. (ફીજીકસ) ૨૦૦૬ ૬૩.૧૪%<br>એમ.એસસી. (ફીજીકસ) ૨૦૧૫ ૭૨.૨૫%<br>બી.એડ્. ૨૦૦૮ ૭૯.૭૧%<br>એમ.એડ્. ૨૦૧૦ ૭૩%<br>**પી.એચડી. (એજ્યુકેશન) ૨૦૧૬**<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૪ વર્ષ ૩ માસ લેકચરર | Assistant Professor in M.Ed. Course | લાયકાત ધરાવે છે. |
| ૩. | Dr. Bharatkumar Kanubhai Parmar<br>બી.એ. (હિન્દી) ૧૯૯૭ ૫૨.૦૫%<br>એમ.એ. (હિન્દી) ૧૯૯૯ ૫૬%<br>બી.એડ્. ૨૦૦૧ ૬૮.૨%<br>એમ.એડ્. ૨૦૦૩ ૬૬.૭૦%<br>**પી.એચડી. (એજ્યુકેશન) ૨૦૧૩**<br>**જી-સેટ (એજ્યુકેશન) ૨૦૧૫** | Assistant Professor in M.Ed. Course | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઈ મુજબ શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), ખંભાતમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૩ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૫. **ડીનશ્રી, પ્રમુખસ્વામી મેડીકલ કોલેજના તારીખઃ૧૯/૧૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ**P&A: PSMC/293**થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;**

**પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | એમ.સી.આઇ.પ્રમાણે જરૂરી લાયકાત | શેરો |
|---|---|---|---|---|
| ૧. | Dr. Nimit Vijaybhai Khara<br>એમ.બી.બી.એસ.પાસ,૨૦૦૪<br>એમ.ડી. (TB & Chest)૨૦૦૮<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૪ વર્ષ ૧૧ માસ આસીસ્ટન્ટ પ્રોફેસર<br>૩ વર્ષ ૬ માસ એસોસીએટ પ્રોફેસર<br>(જોડાયા તા.૮/૧૦/૨૦૧૮)<br>**રીસર્ચ અનુભવઃ**<br>૫ - સ્ટેટ લેવલ જર્નલ | Professor in Respiratory Medicine (પ્રમોશન દ્વારા) | M.D. (Tuberculosis)/ M.D. (TB & Repriratory Disc.)/ M.D. (Medicine) with T.D.D., D.T.D. or D.T.C.D./ M.D. (TB & Chest Diseases)<br>(1) As Associate Professor in Tuberculosis and Respiratory Diseases for three years in the recognized medical college.<br>(2) Minimum of four research publication sin indexed / national journals. | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Davalkumar Natwarbhai Prajapati<br>એમ.બી.બી.એસ.પાસ,૨૦૦૯<br>એમ.ડી. (Respiratory Medicine)૨૦૧૫<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૮/૧૦/૨૦૧૮) | Assistnat Professor in Chest Medicine | M.D. (Tuberculosis)/ M.D. (TB & Repriratory Disc.)/ M.D. (Medicine) with T.D.D., D.T.D. or D.T.C.D./ M.D. (TB & Chest Diseases)<br>(1) Requisite recognised post graduate qualification in the subject.<br>(2) Three years teaching experience in the subject in a recognised medical college as resident/ Registrar/ Demonstrator/ Tutor. | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૬. **યુ.જી.સી. ન્યુ દિલ્હીના પત્રો તારીખઃ ૩ ઓગષ્ટ-૨૦૧૮, ૬ ઓગષ્ટ-૨૦૧૮(બે પત્રો) અને ૧૬ ઓગષ્ટ -૨૦૧૮ના કુલ ચાર પત્રોથી નીચેની કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી બી.વોક અને અન્ય કોર્સ NSQF(National Skill Qualification Framework)અંતર્ગત શરૂ કરવા મંજૂરી આપેલ છે. તદ્અનુસાર, (૧) યુનિવર્સિટીએ બી.વોકના અભ્યાસક્રમોની મંજૂરી આપવાની થાય છે. તથા (૨) કોમ્યુનિટી કોલેજ સ્કીમ (NSQF) અંતર્ગતના અભ્યાસક્રમો સંબંધકર્તા કોલેજમાં તેઓ દ્વારા ચલાવવામાં આવશે અને માર્કશીટ્સ/પ્રમાણપત્રોમાં Affiliated to Sardar Patel University, Vallabh Vidyanagar લખવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

| Sr.No | Name of the College | Course | Intake |
|---|---|---|---|
| 1. | N. S. Patel Arts College, Anand | **B.Voc.**<br>Photography & Animation<br>Journalism and Mass Communication<br>Theatre Art & Stage Craft | 50 Students per course |
| 2. | C. P. Patel & F. H. Shah Commerce College, Anand | **B.Voc.**<br>1. Banking & Financial Services<br>2. Software Development<br>3. Travel Tourism & Hospitality<br>4. Retail Marketing<br>(Sr.No.1 & 2 run by College till 2014-15)<br>Programmes for CC<br>1. Paralegal Pratice<br>2. Goods & Service Tax<br>3. Yoga | 50 Students per course |
| 3. | Anand Arts College, Anand | Programme for CC<br>1. Tourism and Hospitality | 50 Students |

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. ન્યુ દિલ્હીએ તેઓના તારીખઃ ૩ ઓગષ્ટ-૨૦૧૮, ૬ ઓગષ્ટ-૨૦૧૮(બે પત્રો) અને ૧૬ ઓગષ્ટ -૨૦૧૮ ના કુલ ચાર પત્રોથી નીચેની કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી બી.વોક અને અન્ય કોર્સ NSQF(National Skill Qualification Framework) અંતર્ગત શરૂ કરવા મંજૂરી આપેલ છે. તદ્અનુસાર, (૧) બી.વોકના અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીની માન્યતા આપવામાં આવે છે. (૨) કોમ્યુનિટી કોલેજ સ્કીમ (NSQF) અંતર્ગતના અભ્યાસક્રમો સંબંધકર્તા કોલેજમાં તેઓ દ્વારા ચલાવવા અને માર્કશીટ્સ/પ્રમાણપત્રોમાં Affiliated to Sardar Patel University, Vallabh Vidyanagar લખવાની મંજૂરી આપવામાં આવે છે. (૩) બી.વોકના અભ્યાસક્રમો માટે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હશે તો જ મંજૂરી પ્રાપ્ત થશે.**

૭.(૧) અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃમકમ/ESC2/ફે.બદલી/૨૦૧૮/૬૭૫૪-૬૩ તારીખઃ૨૩/૭/૨૦૧૮થી સરકારી કોલેજોના વાણિજ્ય વિષયનું મહેકમ તબદીલ થતાં, જાહેર હિત અને વહીવટી સરળતા માટે Bhadani Sheelaben Meghajibhaiની ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ થી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલમાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં મદદનીશ પ્રાધ્યાપક વાણિજ્ય (કોમર્સ) વિષયમાં ફેરબદલી કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૩૦/૭/૨૦૧૮ના રોજ જોડાયા છે. તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૨/૧૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ૨૦૧૮/૧૦૯૪ ઉપર વિચારણા કરવા બાબત.

(૨) અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ/ESC2/ ફે.બદલી/૨૦૧૮/૭૧૪૪-૭૨૨૫ તારીખઃ૧/૮/૨૦૧૮થી જાહેર હિત અને વહીવટી સરળતા માટે સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીમાં ઇન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા Bhavsar Vipul Keshavlalની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલમાં અંગ્રેજી વિષયમાં આસીસટન્ટ પ્રોફેસર (વર્ગ-૨)માં ફેરબદલી કરેલ છે. જેથી તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૬/૮/૨૦૧૮ના રોજ જોડાયા છે. તો

તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૨/૧૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ૨૦૧૮/૧૦૯૪ ઉપર વિચારણા કરવા બાબત.

(૩) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ/ESC2/ફે.બદલી/૨૦૧૮/૧૦૫૬૯-૧૦૬૧૧ તારીખઃ૨૯/૮/૨૦૧૮થી જાહેર હિત અને વહીવટી સરળતા માટે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલી જી.સાબરકાંઠામાં સમાજશાસ્ત્ર વિષયમાં આસીસટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા Sanchala Sandip Harilalની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલમાં સમાજશાસ્ત્ર વિષયમાં આસીસટન્ટ પ્રોફેસર (વર્ગ-૨)માં ફેરબદલી કરેલ છે. જેથી તેઓ સદર કોલેજમાં તારીખઃ૩/૧૦/૨૦૧૮ના રોજ જોડાયા છે. તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૨/૧૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ૨૦૧૮/ ૧૦૯૪ ઉપર વિચારણા કરવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે પત્રકમાં દર્શાવેલ કોલેજો ના નામ સામે નિર્દેશ કરેલ અધ્યાપકોને રાજય સરકારશ્રી તરફથી જે તે વિષયના અધ્યાપક તરીકે કોલેજ ફેરબદલી કરીને ને જે તે કોલેજમાં માન્યતા આપવામાં આવેલ છે તેને ધ્યાને લઇ અધ્યાપકોને યુનિવર્સિટીની માન્યતા આપવી.**

| કોલેજ નું નામ | ક્રમાંક | અધ્યાપક્નું નામ | વિષય |
|---|---|---|---|
| સરકારી વિનયન અને વાણિજ ય કોલેજ, કઠલાલ | ૧ | Bhadani Sheelaben Meghajibhai | વાણિજ્ય (કોમર્સ) |
| | ૨ | Bhavsar Vipul Keshavlal | અંગ્રેજી |
| | ૩ | Sanchala Sandip Harilal | સમાજશાસ્ત્ર |

૮. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલમાં ગુજરાતી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા (૧) Darji Abhishekkumar Balvantbhai, (૨) અંગ્રેજી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા Chauhan Neha Pradipkumar તથા (૩) સમાજશાસ્ત્ર વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા Bhatt Pallavika Mahendraprasadને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી થતાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે સીધી ભરતી દ્વારા તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી કરેલ નિમણૂંકોની નોંધ લેવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે પત્રકમાં દર્શાવેલ કોલેજો ના નામ સામે નિર્દેશ કરેલ અધ્યાપકોને રાજય સરકારશ્રી તરફથી જે તે વિષયના અધ્યાપક તરીકે માન્યતા આપવામાં આવેલ છે તેને ધ્યાને લઇ અધ્યાપકોને યુનિવર્સિટીની માન્યતા આપવી.**

| કોલેજ નું નામ | ક્રમાંક | અધ્યાપક્નું નામ | વિષય |
|---|---|---|---|
| સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ | ૧ | Darji Abhishekkumar Balvantbhai, | ગુજરાતી |
| | ૨ | Chauhan Neha Pradipkumar | અંગ્રેજી |
| | ૩ | Bhatt Pallavika Mahendraprasad | સમાજશાસ્ત્ર |

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતીઃ (પરીક્ષા વિભાગ)**

૯. ડીસેમ્બર-૨૦૧૮માં યોજાનાર ૬૧મા વાર્ષિક પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ નક્કી કરવા અંગેની નોંધ લેવાના.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત બાબત ક્રમાંકઃ ૯ ને બહાલી આપવામાં આવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૧૦. તારીખઃ૦૬/૧૨/૨૦૧૮ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૦૬/૧૨/૨૦૧૮ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

(**એન.એસ.એસ વિભાગ**)

૧૧. સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલીત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ તરફથી યુનિવર્સિટી દ્વારા એન.એસ.એસ સ્પેશ્યલ કેમ્પના પ્રમાણપત્રો વિધાર્થીઓને એનાયત કરવામાં આવેલ, તે પ્રમાણપત્રો પૈકી બે પ્રમાણપત્રોમાં ચેડા કરી તેનો દૂર ઉપયોગ કરવા અંગેની તપાસ સમિતીના અહેવાલ પર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૪)

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલીત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ તરફથી યુનિવર્સિટી દ્વારા એન.એસ.એસ સ્પેશ્યલ કેમ્પના પ્રમાણપત્રો વિધાર્થીઓને એનાયત કરવામાં આવેલ, તે પ્રમાણપત્રો પૈકી બે પ્રમાણપત્રોમાં ચેડા કરી વિધાર્થીઓના નામ બદલી તેનો દૂરઉપયોગ કરવા અંગેની તપાસ સમિતીના અહેવાલ સ્વીકાર કરવો અને સદર કોલેજના બે અધ્યાપકો ડૉ. હરીશ પંજાબી તથા શ્રી કમલ અગલને આ યુનિવર્સિટીમાં તેઓની પ્રાશ્નિક/પરીક્ષક તરીકેની કાયમી ધોરણે માન્યતા રદ કરવી અને આગામી પાંચ વર્ષ માટે સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં તેઓની નિમણૂંકને માન્યતા આપવી નહી. જયારે પ્રિન્સીપાલ ડૉ. આર. ડી. મોદીને તાકીદ કરવી.**

૧૨. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ તેમના તા.૨૩/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ F.30-447/2018(BSR) થી નીચે દર્શાવ્યા મુજબનાં કુલ બે અધ્યાપકોને કુલ રૂા.૨૦,૦૦,૦૦૦/- બે વર્ષ માટે "UGC – BSR Research Start Up Grant for newly recruited faculty at Assistant Professor level in Science Departments" મંજૂર કરેલ છે. જેની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ તેમના તા.૨૩/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ F.30-447/2018(BSR) થી નીચે દર્શાવ્યા મુજબનાં કુલ બે અધ્યાપકોને કુલ રૂા.૨૦,૦૦,૦૦૦/- બે વર્ષ માટે "UGC – BSR Research Start Up Grant for newly recruited faculty at Assistant Professor level in Science Departments" મંજૂર કરેલ અનુદાનની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

(**મહેકમ વિભાગ**)

**૧૩.** સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે સ્થપાયેલ એગ્રો ઇકોનોમિક રીસર્ચ સેન્ટર અને કોસ્ટ ઓફ કલ્ટીવેશન યોજનામાં ફરજ બજાવી નિવૃત થયેલ કર્મચારીઓને પેન્શન ચુકવવા સંદર્ભે મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર, ભારત સરકારના તા. ૧૨/૧૨/૨૦૧૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(બીડાણ:૫)**

૧. સદરહુ બાબતે કોસ્ટ ઓફ કલ્ટીવેશન સ્કીમ સ્ટાફ એસોસિયેશન તરફથી નામદાર ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ કરેલ MCA ૧૮૩૩/ ૨૦૧૪ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી નીચે મુજબ આદેશ કરવામાં આવેલ છે. **(બીડાણ:_____(અ))**

" If the amount towards pension and other retiral benefits of the petitioner is not computed on or before 19th December, 2018, interest @6% from the date when it became due is to be paid by the respondent university. Stand over to 26th December, 2018."

૨. નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ સંદર્ભે શ્રી પી.સી. બોધ, એડવાઈઝર, મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર, ન્યુ દિલ્હી દ્વારા યુનિવર્સિટીને જણાવવામાં આવે છે કે કોસ્ટ ઓફ કલ્ટીવેશન સેન્ટરના નિવૃત કર્મચારીઓને ચુકવવાપાત્ર થતી રકમ નિર્ધારિત કરી મીનીસ્ટ્રીને તા. ૧૯/૧૨/૨૦૧૮ પહેલા તેની જાણ કરવી જેથી નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ તા. ૨૬/૧૨/૨૦૧૮ના રોજ નિર્ધારિત કરેલ મુદતમાં રજૂઆત કરી શકાય.

૩. અત્રે ઉલ્લેખનીય છે કે કોસ્ટ ઓફ કલ્ટીવેશન યોજના ઉપરાંત એગ્રો ઇકોનોમિક રીસર્ચ સેન્ટરના કર્મચારીઓ તરફથી પણ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કેસ દાખલ કરેલ છે.

૪. નવનીતભાઈ ચંદ્રભાઈ ઈનામદાર તથા અન્ય તરફથી ગુજરાત નામદાર હાઇકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ SCA ૧૩૯૭૮/૨૦૧૭ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટના તા. ૨૯/૧૦/૨૦૧૮ના હુકમ સંદર્ભે એગ્રો ઇકોનોમિક રીસર્ચ સેન્ટરના કુલ ૨૭ કર્મચારીઓને બે માસની અંદર પેન્શનની ચુકવણી કરવાની થાય છે આ માટે મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર, ભારત સરકાર દ્વારા રૂ. ૧,૦૭,૯૬,૨૦૧/-નું અનુદાન એગ્રો ઇકોનોમિક રીસર્ચ સેન્ટરને ફાળવી આપવામાં આવેલ છે જે વિદિત થાય. **(બીડાણ:_____(બ))**

એગ્રો ઇકોનોમિક રીસર્ચ સેન્ટર અને કોસ્ટ ઓફ કલ્ટીવેશન યોજનામાં ફરજ બજાવતા અને અગાઉ ફરજ બજાવી ચૂકવેલ તમામ કર્મચારીઓ વર્ધિત પ્રોવીડન્ડ ફંડની યોજનામાં જોડાયેલ છે અને નિયમ મુજબ અગાઉ તેઓને નિવૃતિના તમામ લાભો ચૂકવી આપવામાં આવેલ છે જે જાણ સારૂં.

**આથી ઠરાવવામાં આવે છે કે કાયદાકીય સલાહ-સૂચનો મેળવી આગળની કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી, તથા Petitioners(અરજદાર/દાદ માંગનાર)ના સંદર્ભમાં યોગ્ય પ્રત્યુતર નિયત તારીખ પહેલા પાઠવવો.**

(મહેકમ વિભાગ)

૧૪. યુનિવર્સિટીની વહીવટી જગાઓ ભરવા નીચે જણાવેલ તારીખે મળેલ પસંદગી સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

| હોદ્દો | જગ્યા | પે | પસંદગી સમિતિ મળ્યા તારીખ |
|---|---|---|---|
| ડેપ્યુટી એકાઉન્ટન્ટ | ૦૧ | Vertical Pay Range 44,900-142,400 PML-8 | ૧૨/૧૨/૨૦૧૮ |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની વહીવટી જ્ગ્યા માટે ૧૨/૧૨/૨૦૧૮ મળેલ પસંદગી સમિતિએ ડેપ્યુટી એકાઉન્ટન્ટ માટે ડૉ. ભૌતિક અલ્પેશકુમાર પટેલની કરેલ નિમણૂંકને માન્યતા આપવી.**

(જનરલ વિભાગ)

૧૫. અનુસ્નાતક ઈતિહાસ વિભાગ દ્વારા બે દિવસીય રાષ્ટ્રિય પરિસંવાદ બાબતે તા. ૧૭/૧૧/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં બાબત ક્રમાંક ૧૨ અંતર્ગત ચર્ચા થયા મુજબ થયેલ ખર્ચ અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ઈતિહાસ વિભાગ દ્વારા બે દિવસીય રાષ્ટ્રિય પરિસંવાદ બાબતે તા. ૧૭/૧૧/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં બાબત ક્રમાંક ૧૨ અંતર્ગત ચર્ચા થયા મુજબ થયેલા વધારાના ખર્ચ સંબંધે ફોટોગ્રાફી તથા કેંટરીંગ કોન્ટ્રાકટ બાબતે ભાવ પરામર્શ કરવો અને વધારાના ખર્ચને મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે.

નંબરઃ કે.૪/૪૪૧૦

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ૨૭/૧૨/૨૦૧૮

પ્રતિ,સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.

Omajmudar.

કા. કુલસચિવ